### આણંદ-વિધાનગરમાં ટ્રાફિક સમસ્યા નિવારવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટનું મહત્વનું જાહેરનામું

# આણંદમાં સવારે ૮થી રાત્રે ૮ વાગ્યા સુધી ભારે વાહનો માટે પ્રવેશબંધી

**પાર્કિંગ** અને ભારે વાહનોના પ્રવેશ અંગે આકરા નિયમો જાહેર કરાયાં

(પ્રતિનિધિ) આણંદ તા.૨૬

આણંદ શહેર તથા વલ્લભ વિદ્યાનગર વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યાના કાયમી નિવારણ, વાહનવ્યવહારને સુચારુ રાખવા અને નાગરિકોની સલામતી માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ રાહુલ ગમારા દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) હેઠળ એક મહત્વપૂર્ણ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ જાહેરનામું ૨૩મી ઓક્ટોબર ૨૦૨૬ સુધી અને દરરોજ સવારે ૦૮:૦૦ કલાકથી રાત્રિના ૨૦:૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

આણંદ શહેરમાં ટ્રાફિકનું ભારણ ઘટાડવા માટે સવારના ૮ થી રાત્રિના ૮ વાગ્યા સુધી નીચેના માર્ગો પર ભારે વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ રહેશે. મહેન્દ્ર શાહથી ગુજરાતી ચોક તરફ અને એન.એસ. સર્કલ થી લક્ષ્મી ચોકી તરફ. રઘુવીર સીટી સેન્ટરથી કોમ્યુનિટી હોલ તરફ અને ડીપ સર્કલથી બેઠક મંદિર તથા કલ્પના સિનેમા તરફ. નવા બસ સ્ટેન્ડથી બેઠક મંદિર તરફ અને લોટીયા ભાગોળ સર્કલ થી ટાવર બજાર તરફ. અમુલ ડેરી સર્કલ થી રેલવે સ્ટેશન તરફ આવતા ભારે વાહનો પ્રતિબંધ કરાયાં છે. આ જાહેરનામાના નિયમોનો ભંગ કરનાર સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

### વાહન પાર્કિંગ અને એકી-બેકી વ્યવસ્થા

**ફોર વ્હીલર પાર્કિંગ:** ગુરુદ્વારા સર્કલ થી ડી-માર્ટ, તુલસી ગરનાળા સુધી.
**ટુ-વ્હીલર પાર્કિંગ:** મોટી શાક માર્કેટ તરફના રોડ ઉપર નિયત સંખ્યામાં.
**રીક્ષા પાર્કિંગ:** રેલવે સ્ટેશન બહાર નીકળવાના ગેટ પાસે, બેઠક મંદિરવાળા રોડના કોર્નરમાં અને સરદાર બાગની દીવાલને અડીને (નવા બસ સ્ટેશન ગેટ સામે) નિયત સંખ્યામાં રીક્ષા પાર્ક કરી શકાશે.
**અન્ય વાહન પાર્કિંગ:** નવા બસ સ્ટેશનના ખુલ્લા ગેટ સામેના રોડ પર નિયત સંખ્યામાં.
**એકી-બેકી પાર્કિંગ:** રેલવે ગોદીથી ગામડી વડ સુધીનો રોડ અને શાસ્ત્રી મેદાનથી એન.એસ. પટેલ સર્કલ સુધીના રોડ પર એકી-બેકી તારીખ મુજબ પાર્કિંગ કરી શકાશે.

### ટ્રાફિકમાં અડચણ ન થાય તે માટે નો-પાર્કિંગ ઝોન

- ટુકી ગલી સુપર માર્કેટના બંને તરફના રોડ ઉપર કોઈ પણ વાહન પાર્ક કરવું નહીં.
- રેલવે સ્ટેશન જુના દાદર, ગુજરાતી ચોક, વીટોકોસ બસ સ્ટેન્ડ, નગરપાલિકા સરકારી દવાખાના બહાર અને નવા બસ સ્ટેશનના બંને દરવાજાની બહાર ૫૦ મીટર સુધીનો વિસ્તાર નો-પાર્કિંગ ઝોન રહેશે.
- અમુલ ડેરી પાર્લર આગળ અને મોટી શાક માર્કેટના દરવાજા બહાર ફોર વ્હીલર પાર્કિંગ પર સંપૂર્ણ મનાઈ ફરમાવવામાં આવી છે.

### મહીસાગર લોકલ ક્રાઇમ બ્રાંચના દરોડામાં ૪ ઝડપાયા અને ૫ ફરાર

# લુણાવાડાના ગરાસીયા વાડ ગામના તળાવ કિનારે જુગારનો અડ્ડો પકડાયો

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૨૬

મહીસાગર જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે બાતમીના આધારે લુણાવાડા તાલુકાના ગરાસીયા વાડ ગામના તળાવ કિનારે ઝાડી-ઝાંખરાની આડમાં ચાલતા જુગારધામ પર દરોડો પાડ્યો હતો. આ સફળ રેડ દરમિયાન પોલીસે જુગાર રમતા ૪ શખ્સોને રંગેહાથ ઝડપી લીધા હતા, જ્યારે અન્ય ૫ શખ્સો અંધારા અને ઝાડીઓનો લાભ લઈ નાસી છૂટવામાં સફળ રહ્યાં હતાં.

મહીસાગર લોકલ ક્રાઈમ બ્રાંચના પોલીસ કર્મચારી ક્રાંતિકભાઈ મનુભાઈ અને તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે ગરાસીયા વાડ ગામના તળાવ કિનારે ઝાડીઓની આડમાં ખુલ્લી જગ્યામાં કેટલાક લોકો પત્તા વડે જુગાર રમી રહ્યા છે. આથી, પોલીસે પંચોને સાથે રાખી દરોડો પાડતા જુગારીઓમાં દોડધામ મચી ગઈ હતી. જોકે, પોલીસે સ્થળ પર ઘેરાબંધી કરીને વિનોદસિંહ માનસિંહ પુવાર, સુરપાલસિંહ ગીરવતસિંહ પુવાર, જયપાલસિંહ જશવંતસિંહ પુવાર અને વિજયસિંહ મહેન્દ્રસિંહ પુવારને ઘટનાસ્થળેથી ઝડપી લીધા હતા. જ્યારે પોલીસને આવતી જોઈને દિગ્વિજયસિંહ ધર્મેન્દ્રસિંહ પુવાર, અજયસિંહ હિમતસિંહ પુવાર, નિર્મલસિંહ તખતસિંહ પુવાર, દશરથસિંહ રાજુસિંહ પુવાર અને નરવંતસિંહ બહાદુરસિંહ પુવાર નાસી છૂટ્યા હતા.

મહીસાગર એલસીબીએ પકડાયેલા શખસો પાસેથી રૂ. ૧૧,૪૩૦ની રોકડ રકમ, રૂ. ૨૦ હજારની કિંમતના ૪ મોબાઈલ ફોન અને રૂ. ૩૦ હજારની કિંમતનું એક કાળા કલરનું બાઈક મળી કુલ રૂ. ૬૧,૪૩૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ બનાવ અંગે તમામ ૯ આરોપીઓ વિરુદ્ધ કોઠંબા પોલીસ મથકે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

### ખેડા શહેરમાં જશ્ને ઈદે મિલાદુન્નબીની ધામધૂમપૂર્વક ઉજવણી કરાઇ



ખેડા શહેરમાં હજરત મહંમદ પયગંબર સાહેબના જન્મ દિવસની મુસ્લિમ બિરાદરો દ્વારા પરંપરાગત અને હર્ષોલ્લાસપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ભગતસિંહ ચોક ખાતેથી પવિત્ર નિશાન સાથે શરૂ થયેલું ભવ્ય ઝૂલુસ વિવિધ વિસ્તારોમાં ફરીને સરદાર ચોક ખાતે ઉત્સાહભેર પૂર્ણ થયું હતું. આ ભવ્ય ઝૂલુસ દરમિયાન માર્ગો પર ઠેર-ઠેર ઉત્સાહપૂર્વક નાના બાળકોને પ્રસાદીનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાંજના સમયે ગામના અગ્રણી ખમીશાભાઈ સિંધી પરિવાર તરફથી તમામ મુસ્લિમ ભાઈઓ માટે નિયાઝનો વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. **તસવીર : પ્રગ્નેશ ભાવસાર**

# રક્ષાબંધન પર્વમાં આણંદના બજારોમાં રાખડીઓની રંગબેરંગી રોનક છવાઈ

રૂ.૫થી રૂ.૧,૦૦૦ સુધીની અવનવી રાખડીઓથી બજારો ભરચક થયાં

(પ્રતિનિધિ) આણંદ તા.૨૬

ભાઈ-બહેનના પવિત્ર સ્નેહ, લાગણી અને અતૂટ બંધનના પ્રતીક સમા રક્ષાબંધન પર્વની ઉત્સાહભેર ઉજવણીનો માહોલ છવાયો છે, ત્યારે રક્ષાબંધનને કારણે દરેક શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં મુખ્ય બજારો અને રાજમાર્ગો પર રાખડીના સ્ટોલ અને હાટડીઓ ધમધમવા લાગી છે. વિવિધ ડિઝાઈન અને રંગોની રાખડીઓથી બજારોમાં રોનક જોવા મળી રહી છે. આણંદ શહેરના મુખ્ય બજારોમાં



નાના-મોટા વેપારીઓ દ્વારા રાખડીઓના સ્ટોલ ઉભા કરવામાં આવ્યા છે. બજારમાં પરંપરાગત રાખડીઓથી લઈને આકર્ષક ડિઝાઈનવાળી, રંગબેરંગી તેમજ બાળકોને આકર્ષે તેવી વિવિધ પ્રકારની રાખડીઓ વેચાણ માટે ઉપલબ્ધ બની છે. . આ વર્ષે બજારમાં આશરે રૂ.૫થી શરૂ થતી સામાન્ય રાખડીઓથી લઈને રૂ.૧,૦૦૦ સુધીની મોંઘી અને આકર્ષક રાખડીઓ પણ ઉપલબ્ધ છે.

અલગ-અલગ ડિઝાઈન, રંગ અને શણગારને કારણે વિવિધ પ્રકારની રાખડીઓ ઉપલબ્ધ બની છે. ખાસ કરીને યુવતીઓ અને મહિલાઓ પોતાના ભાઈ માટે કંઈક અલગ અને યાદગાર રાખડી ખરીદવા બજારમાં ઉમટી રહી છે. રક્ષાબંધન પર્વને લઈને બજારોમાં ગ્રાહકોની અવરજવર ખુબ જ વધી રહી છે.

શહેરના મુખ્ય વિસ્તારોમાં રાખડીના સ્ટોલ પર બહેનોની ખરીદી માટે ભીડ જોવા મળી રહી છે. વેપારીઓને પણ રાખડીના વેચાણમાં વધુ વધારો થવાની આશા છે. આ વર્ષે પણ ભાઈ-બહેનના હેતના આ પર્વની સમગ્ર જિલ્લામાં ભારે ઉત્સાહ અને ઉલ્લાસ સાથે ઉજવણી થવાની તૈયારીઓ ચાલી રહી છે.

# યુવતીએ સંબંધ તોડી નાંખતા યુવકે બિભત્સ રિલ બનાવી

**સોશ્યલ મિડિયા** પર યુવતીના નામે ફેક આઇડી બનાવી ભાવનગરના યુવકે અપશબ્દ લખ્યા

(પ્રતિનિધિ) સંતરામપુર તા.૨૬

સંતરામપુર પંથકની યુવતી વર્ષ ૨૦૨૫માં રાજકોટ ખાતે ખાનગી કંપનીમાં કામ કરતી હતી ત્યારે તેનો પરિચય ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના દેવલી ગામના હાર્દિક રમેશભાઈ ડોલાસીયા નામના શખ્સ સાથે થયો હતો. જોકે, સમય જતાં યુવતીએ આ શખ્સ સાથે વાતચીત કરવાનું બંધ કરી દેતા તે ઉશ્કેરાઈ ગયો હતો અને સતત હેરાન કરવા લાગ્યો હતો.

દરમિયાનમાં હાર્દિકે યુવતીના નામ અને ફોટાનો દુરુપયોગ કરીને સોશ્યલ મિડિયા પર બે નકલી એકાઉન્ટ્સ બનાવ્યા હતા. આ ફેક આઈડી પરથી હાર્દિકે યુવતીના ચારિત્ર્ય અંગે અત્યંત બિભત્સ વાતો અને ગાળો લખીને સોશિયલ મીડિયામાં વહેતી કરી હતી. જ્યારે યુવતીના પરિવારે તેને સમજાવવાનો પ્રયત્ન કર્યો ત્યારે હાર્દિકે ફોન પર ધમકી આપી હતી કે તે યુવતીના ફોટા મુકીને તેને વધુ બદનામ કરશે. હદ તો ત્યારે થઈ જ્યારે નકલી આઈડી પર યુવતીના સગા ભાઈનો ફોટો મૂકીને ઓમ શાંતિ લખીને ખોટી અફવા ફેલાવતો મેસેજ વાયરલ કર્યો હતો. આ ત્રાસથી કંટાળીને અંતે યુવતીએ સંતરામપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે હાર્દિક રમેશભાઈ ડોલાસીયા સામે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### આણંદના બ્રહ્માકુમારી સેવા કેન્દ્ર ખાતે રક્તદાન શિબિરમાં 40થી વધુ લોકોનું રક્ત આપ્યું

**આણંદ |** આણંદના બ્રહ્માકુમારી પ્રભુસ્મૃતિ સેવા કેન્દ્ર ખાતે ૨૩ ઓગસ્ટના રોજ યોજાયેલી ભવ્ય રક્તદાન શિબિરમાં ૪૦થી વધુ



સ્વૈચ્છિક રક્તદાતાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રક્તદાન કર્યું હતું. આ શિબિર બ્રહ્માકુમારી સંસ્થાના સોશિયલ વિંગ દ્વારા દેશભરમાં આયોજિત વિશાળ રક્તદાન અભિયાનના ભાગરૂપે યોજવામાં આવી હતી. આ વિશેષ અભિયાન સંસ્થાના પૂર્વ મુખ્ય પ્રશાસિકા રાજયોગિની પ્રકાશમણી દાદીજીના સ્મૃતિ દિવસ (૨૫ ઓગસ્ટ) નિમિત્તે તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવાના ઉદ્દેશ્યથી યોજાયું હતું.

### ઉમરેઠમાં બ્રહ્માકુમારીઝ દ્વારા યોજાયેલા રક્તદાન મહાઅભિયાનમાં 62 રક્તદાતાઓએ કર્યું

**આણંદ |** પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય, ઉમરેઠ દ્વારા રાજયોગિની દાદી પ્રકાશમણિજીની ૧૯મી પુણ્ય સ્મૃતિ નિમિત્તે રેડ



ક્રોસ બ્લડ બેન્ક, આણંદ અને લાયન્સ ક્લબના સહયોગથી રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રક્તદાન કેમ્પમાં ઉમરેઠના ધારાસભ્ય હર્ષદભાઈ પરમાર, નગરપાલિકા પ્રમુખ મીનાબેન પટેલ, તાલુકા પ્રમુખ પુનિતાબેન પટેલ સહિતના સ્થાનિક અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ સેવાયજ્ઞમાં કુલ ૬૨ રક્તદાતાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને રક્તદાન કર્યું હતું.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### આણંદમાં નારી સેના દ્વારા પોલીસ મથકોએ રક્ષાબંધનની ભવ્ય ઉજવણી કરાઈ



**આણંદ |** નારી સેના આણંદ જિલ્લા દ્વારા ગુજરાત અધ્યક્ષ નીતાબેન પ્રજાપતિ અને પ્રમુખ તરુણાબેન પ્રજાપતિની આગેવાનીમાં પોલીસ સ્ટેશનોમાં રક્ષાબંધનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સંગઠનની બહેનોએ આણંદ ટાઉન, ગ્રામ્ય (રૂરલ) અને સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનની મુલાકાત લઈ ફરજ પરના પોલીસ કર્મીઓને રાખડી બાંધી મોં મીઠું કરાવ્યું હતું. દિવસ-રાત જનતાની સુરક્ષામાં ખડેપગે રહેતા પોલીસ ભાઈ-બહેનોના કાંડે રક્ષાકવચ બાંધીને તેમના દીર્ઘાયુ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. પોલીસ અધિકારીઓએ નારી સેનાના આ કાર્યને બિરદાવી હતી.

### થામણામાં સિનિયર સિટીઝન ફોરમ દ્વારા 'સિનિયર સિટીઝન ડે' ની ઉત્સાહભેર ઉજવણી

**આણંદ |** અમૂલ્ય સિનિયર સિટીઝન ક્લબ, આણંદના ઉપક્રમે લાયન્સ હોલ ખાતે સંસ્થાના પ્રમુખ જયંતીભાઈ શાહના અધ્યક્ષસ્થાને



ગાતા રહે મેરા દિલ સંગીત સંધ્યાનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ઉપસ્થિત મંત્રી નરેન્દ્રભાઈ શાહે વિશ્વ સિનિયર સિટીઝન ડે વિશે માહિતી આપી હતી અને સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું. 'વોઇસ લાઇક મુકેશ' તરીકે જાણીતા કલાકાર જી. એન. ભાવસાર અને અન્ય કલાકારોએ સંગીતના મધુર સૂર રેલાવી ઉપસ્થિત સભાસદોને ગીતોના તાલે ઝૂમાવ્યા હતા. આ કાર્યક્રમમાં ઉમરેઠ સંતરામ મંદિરના મહંત સંત ગણેશદાસજીને શ્રદ્ધાંજલિ પણ અર્પણ કરવામાં આવી હતી.

### થાણા સાવલીના શિક્ષકનું વસ્તી ગણતરીની ઉત્કૃષ્ટ અને ઝડપી કામગીરી બદલ સન્માન કરાયું

**લુણાવાડા |** લુણાવાડાના મધવાસ ગામના વતની અને કોઠંબા



તાલુકાની થાણાસાવલી પગાર કેન્દ્ર શાળાના શિક્ષક નિરવકુમાર પંચાલે વસ્તી ગણતરી-2026 ની કામગીરી દેશમાં સૌથી ઝડપી પૂર્ણ કરી ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે. તેમણે કાળઝાળ ગરમીમાં સખત પરિશ્રમ અને લગન સાથે પોતાના વિસ્તારના HLB બ્લોક નંબર 17 ના 7 ફળિયામાં આવેલ કુલ 351 ઘરોની ડોર-ટુ-ડોર મુલાકાત લઈ ઘર નંબર ફાળવ્યા હતા. આ સઘન કામગીરી દરમિયાન તેમણે 1400 થી વધુ નાગરિકોની સચોટ, પારદર્શક અને ચોકસાઈપૂર્વકની માહિતી એકત્રિત કરી હતી.

### નડિયાદ હઠીપુરામાં ગૌરી વ્રત નિમિત્તે દીકરીઓને ડ્રાયફ્રૂટનું વિતરણ કરાયું

**નડિયાદ |** હઠીપુરા ગામમાં ગૌરીવ્રતના પાવન અવસરે વ્રત રાખનારી ગામની તમામ દીકરીઓને ડ્રાયફ્રૂટનું વિતરણ કરવામાં



આવ્યું હતું. આ સરાહનીય સેવાકાર્ય દાતા શ્રી મારુતિ ટ્રસ્ટના ટ્રસ્ટી જૈમિનભાઈ અને હનીબેન મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું. ભગવાન શિવ-પાર્વતીની આરાધનાના આ પર્વે દીકરીઓનું સ્વાસ્થ્ય સારું રહે અને તેમનું ભવિષ્ય ઉજ્જવળ બને તેવી મંગલ કામના કરાઈ હતી. આ સુંદર આયોજન બદલ સમગ્ર ગ્રામજનોએ દાતાશ્રીઓનો આભાર વ્યક્ત કરી તેમના સુખમય જીવન માટે પ્રાર્થના કરી હતી.

### ઉમરેઠના થામણામાં સિનિયર સિટીઝન ફોરમ દ્વારા 'સિનિયર સિટીઝન ડે' ની ઉત્સાહભેર ઉજવણી

**આણંદ |** ઉમરેઠ તાલુકાના થામણા ગામમાં ૨૧ ઓગસ્ટના રોજ વડીલોના વિસામામાં સિનિયર સિટીઝન ફોરમ દ્વારા 'સિનિયર



સિટીઝન ડે' ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે આણંદના જાણીતા ગાયક કલાકાર જી.એન.ભાવસાર તથા શ્રદ્ધા ભાવસાર અમીને ભજન સંધ્યાના ગીત સંગીત દ્વારા શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. આ ભક્તિમય કાર્યક્રમમાં સિનિયર સિટીઝન વયસ્ક સંગઠન અને નારીશક્તિ સંગઠનની બહેનો મોટી સંખ્યામાં જોડાઈને ભક્તિરસમાં તરબોળ થઈ હતી. આ સમગ્ર સુંદર કાર્યક્રમનું સફળ સંચાલન મંત્રી ગની.આર.વહોરા દ્વારા કરવામાં આવ્યું હતું.

### નડિયાદના વલ્લભ સદન મંદિરે ડો. વાગીશકુમારજીની પાવન નિશ્રામાં હિંડોળા મહોત્સવ યોજાયો

**નડિયાદ |** પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે નડિયાદના શ્રી વલ્લભ



સદન મંદિર ખાતે તૃતીય પીઠાધીશ્વર ડો. વાગીશ કુમાર મહારાજની પાવન નિશ્રામાં હિંડોળા મહોત્સવની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ઠાકોરજીને પુષ્પોથી સજાવેલા સુંદર હિંડોળામાં ઝૂલાવી આરતી ઉતારવામાં આવી હતી અને કીર્તનકારોએ ભક્તિ સંગીતની ભારે રમઝટ જમાવી હતી. આ મહોત્સવ દરમિયાન ઈચ્છુક વૈષ્ણવોએ બ્રહ્મસંબંધ દીક્ષા મેળવી હતી. આ દિવ્ય અવસરે પૂજ્યે પોતાના વચનામૃત દ્વારા મહાપ્રભુજીના સિદ્ધાંતોની વિસ્તૃત સમજ આપીને ઉપસ્થિત તમામ વૈષ્ણવોને ભાવવિભોર કર્યા હતા.

### કપડવંજના મોડાસા રોડ પર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા વૃક્ષારોપણ કરાયું



**કપડવંજ |** કપડવંજમાં મોડાસા રોડ પર આવેલા ભૂતપૂર્વ ગાંધી ઉદ્યાન ખાતે વૃક્ષારોપણનો એક વિશેષ કાર્યક્રમ યોજાયો હતો.આ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્યકર્તાઓ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં નગરના સ્વયંસેવકોએ ઉત્સાહપૂર્વક જોડાઈને બગીચાની ચારેય બાજુએ વિવિધ પ્રકારના વૃક્ષછોડ રોપ્યા હતા. આ સેવાકાર્ય કરીને કાર્યકર્તાઓએ ગુરુવારના રોજ પોતાના 'સેવાદિન'ની સાર્થક ઉજવણી કરી હતી.

### કપડવંજમાં હેમેન્દ્ર તેલી સૂચિત સિનિયર સિટીઝન મંડળનો ત્રિરંગી કાર્યક્રમ યોજાયો



**કપડવંજ |** કપડવંજ કેળવણી મંડળના શશી સચિન પ્રાર્થનાખંડ હોલમાં અમેરિકા સ્થિત હેમેન્દ્ર તેલી સૂચિત સિનિયર સિટીઝન મંડળનો ત્રિરંગી કાર્યક્રમ યોજાયો હતો. આ સમારંભમાં મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત ગુજરાત પોલિયો ફાઉન્ડેશનના ચેરમેન ડો. ભરત ભગતે વરિષ્ઠ નાગરિકોને ઉપયોગી જીવનશૈલી અંગે માર્ગદર્શન આપ્યું હતું. મંડળના પ્રમુખ ડો. હરિશ એચ. કુંડલીયાના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ પ્રસંગે સંસ્થાના હોદ્દેદારો, કોલેજના આચાર્યો અને વરિષ્ઠ નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં. આ પ્રેરક કાર્યક્રમમાં વરિષ્ઠ નાગરિકો માટે દેશભક્તિ ગીતો, અંતાક્ષરી અને જન્મદિવસની ઉજવણી જેવા સુંદર આયોજનો કરવામાં આવ્યા હતાં.

### કપડવંજ ટાઉન હોલ ખાતે હનુમાન ચાલીસા પરિવાર દ્વારા ભવ્ય ભજન સંધ્યા યોજાઈ

**કપડવંજ |** કપડવંજ શહેરમાં હનુમાન ચાલીસા પરિવાર દ્વારા પવિત્ર શ્રાવણ માસના બીજા સોમવારે ટાઉન હોલ ખાતે ભવ્ય ભજન સંધ્યાનું



ખૂબ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક મહોત્સવમાં પૂજ્ય જગદિશાનંદજી મહારાજ તથા મહંત વિજયદાસજી મહારાજ સહિતના અનેક સંતો-મહંતો અને અગ્રણીઓની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. ખ્યાતનામ ભજન કલાકાર અશોક ભાયાણી, વિશાલસિંહ વાઘેલા અને સંગીતકાર કિરણ-કિરીટે ભક્તિ સંગીત રજૂ કરી સમગ્ર ટાઉન હોલને ભક્તિમય બનાવ્યો હતો. આ પ્રસગે મોટી સંખ્યામાં ધર્મપ્રેમી જનતા હાજર રહ્યાં હતાં.